For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગુજરાતમાં 'સરપ્લસ' વીજ હવે 'સરમાઈનસ'

રાજ્યમાં આગોતરા આયોજનોના અભાવે વીજ સમસ્યા ઘેરી બની, સરકારનો વીજ વપરાશ એક વર્ષમાં ૩૬.૬ ટકા વધ્યાનો દાવો

સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં માંગમાં આશરે ૪,૦૦૦ મેગાવોટનો વધારો, મુખ્યમંત્રીએ બેઠક કરી

સાંજે પાંચથી રાત્રે અગિયાર વચ્ચે સૌથી મોટો પડકાર બની રહ્યો છે

ગાંધીનગર: જે ગુજરાત રાજ્યમાં વીજળી સરપ્લસ હોવાનો દાવો કરવામાં આવતો હતો તે ગુજરાતમાં વીજળીની ખોટ પડવા માંડતા તમામ દાવાઓ ખોટા સાબિત થયા છે. રાજ્યમાં ઊર્જા તંત્ર માટે ચિંતા અને આયોજન બંનેના નવા પડકારો ઊભા થયા છે. ગરમીનું પ્રમાણ વધવું, સિંચાઈ માટે કૃષિ ક્ષેત્રની ભારે માંગ અને દિવાળી પૂર્વે ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં આવેલી જોરદાર તેજીને કારણે રાજ્યમાં વીજ વપરાશ ચિંતાજનક સપાટીએ પહોંચ્યો છે. આ માટે સરકાર દ્વારા આગોતરા આયોજનો કરવામાં આવ્યા નહીં અને તેને કારણે વીજપુરવઠાની ખોટ પડી રહી છે. સરકાર દ્વારા એવો દાવો કરાયો છે કે ગુજરાતમાં વીજળીની માંગ અને વપરાશમાં અત્યાર સુધીના તમામ રેકોર્ડ તૂટી ગયા છે. જેમાં ૧૬ ઓક્ટોબરના રોજ અત્યાર સુધીની સૌથી વધુ ૨૯,૮૨૨ મેગાવોટ વીજ માંગ નોંધાઈ છે, જે ગત વર્ષની સરખામણીએ ૩૬.૬ ટકાનો મોટો વધારો દર્શાવે

...અનુસંધાન પાના 11 પર

વીજસંકટ માટેનાં મુખ્ય પરિબળો



હવામાનની અસર: નબળા ચોમાસાને કારણે ઊંચું તાપમાન રહેવાથી ઘરો અને કચેરીઓમાં ઠંડક માટે વીજ વપરાશ વધ્યો છે.

- કૃષિ ક્ષેત્રનું ભારણ: ખેડૂતોના ઊભા પાકને સિંચાઈ માટે પૂરતી વીજળી અપાતા કૃષિ ક્ષેત્રનો વીજભાર દૈનિક મહત્તમ ૧૨,૦૦૦ મેગાવોટ સુધી પહોંચ્યો છે.

- ઉદ્યોગો અને તહેવારો: દિવાળીના તહેવારો અગાઉ ઔદ્યોગિક પ્રવૃત્તિઓમાં ભારે તેજી જોવા મળી છે.

- નવીનીકરણીય ઊર્જાની મર્યાદા: સૂર્યાસ્ત પછી સોલાર વીજ ઉત્પાદન બંધ થઈ જવું અને પવનની ગતિ ઓછી રહેવાથી પવન ઊર્જા ઘટવી, તેમજ ઓછા વરસાદને કારણે જળવિદ્યુત ઉત્પાદનમાં ઘટાડો થવાથી કોલસા અને ગેસ આધારિત વીજ મથકો પર દબાણ વધ્યું છે.

સુરતમાં ચોક્કસ લઘુમતી સમાજના ધાર્મિક સ્થળમાં યુવતી પર દુષ્કર્મ?

ઓનલાઈન ફૂડ ડિલિવરીના બોયે યુવતીને ધાર્મિક સ્થળના પહેલા માળે લઈ જઈ કૃત્ય કર્યાની ચર્ચા

મોડી રાત સુધી કોઈ જ પોલીસ ફરિયાદ થઈ નહીં, પોલીસનો સમાધાન થઈ ગયાનો આલાપ

સુરત: સુરતના એક ચોક્કસ લ ઘુમતી સમુદાયના શહેરના જાણીતા ધાર્મિક સ્થળના પહેલા માળે માનસિક રીતે અસ્વસ્થ યુવતી પર દુષ્કર્મ કરવામાં આવતાં આખા શહેરમાં ભારે ચક્કાર મચી

...અનુસંધાન પાના 11 પર

પોલીસનું મૌન: ખરાઈ બાદ બુધવારે સત્તાવાર જાહેરાતની શક્યતા

આ અતિસંવેદનશીલ પ્રકરણ સંદર્ભે જ્યારે સ્થાનિક પોલીસ મથકના જવાબદાર અધિકારીઓનો સંપર્ક કરવામાં આવ્યો ત્યારે તેઓએ હાલ તુરંત કેમેરા સામે કે સત્તાવાર રીતે કંઈપણ કહેવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો હતો. જોકે, ઓફ ધ રેકોર્ડ અધિકારીઓએ કબૂલ્યું હતું કે ધાર્મિક સ્થળમાં દુષ્કર્મ સંબંધી ગંભીર વિગતો અને રજૂઆત પોલીસ સુધી પહોંચી છે. હાલ આ મામલે યુવતીની ઓળખ, તબીબી તપાસ, બનાવ સ્થળની ભૌતિક સ્થિતિ તેમજ આક્ષેપિત ડિલિવરી બોયની સંડોવણી સહિતના પાસાંઓની ઊંડાણપૂર્વક ખરાઈ કરવામાં આવી રહી છે. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ, પ્રાથમિક તપાસ અને પૂછપરછ પૂર્ણ થયા બાદ બુધવારે સવાર સુધીમાં જ સમગ્ર ઘટના અંગે સત્તાવાર અને સ્પષ્ટ વિગતો જાહેર કરવામાં આવશે.

શહેરમાં ટોક ઓફ ધ ટાઉન, ગુપ્તચર તંત્ર પણ સતર્ક

પોલીસ તંત્ર દ્વારા જ્યાં સુધી સત્તાવાર સમર્થન આપવામાં ન આવે ત્યાં સુધી આ ઘટના અંગે અસમંજસની સ્થિતિ છે, પરંતુ ધાર્મિક સ્થળના પરિસરમાં બનેલી આ કથિત દુષ્કર્મની ઘટના સમગ્ર સુરત શહેરમાં ચર્ચાનો મુખ્ય વિષય બની ગઈ છે. અફવાઓને ડામવા અને કોઈ અનિચ્છનીય ઘર્ષણ ન થાય તે હેતુથી સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલીંગ તેજ કરી દેવાયું છે તેમજ ગુપ્તચર વિભાગ પણ સમગ્ર હિલચાલ પર બાજનજર રાખી રહ્યું છે.

(તસવીર : સતીષ જાદવ)

આગલે દિવસે રાતથી શરૂ કરીને બીજા દિવસે રાત સુધી ફાફડા-જલેબી ખવાયા

ચાલુ વર્ષે ભાવમાં 15થી 20 ટકાનો વધારો છતાં પાંચ કરોડના ફાફડા-જલેબી વેચાઈ ગયા

80થી 100 ટન વેચાણનો અંદાજ, મીઠાઈની દુકાનોમાં પણ ભીડ જામી

સુરત: સુરતનું જમણ અને કાશીનું મરણ! ખાણીપીણીના શોખીન સુરતીઓ માટે દશેરાના પર્વે આ કહેવત ફરી એકવાર સાર્થક થઈ છે. મોંઘવારી અને કાચા માલના ભાવવધારા છતાં ફાફડા-જલેબી ખાવાની પરંપરા જાળવી રાખવા સુરતીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો,દશેરા નિમિત્તે સુરત શહેર અને જિલ્લામાં ફાફડા-જલેબીનું અંદાજે રૂ. 5 કરોડથી વધુનું વેચાણ થયું હોવાનો અંદાજ છે.

ચણાનો લોટ, ખાંડ, ઘી, ખાદ્યતેલ અને ગેસના ભાવ વધતાં ફાફડા-જલેબીના ભાવમાં ગત વર્ષની સરખામણીએ 15થી 20 ટકાનો વધારો થયો હોવા છતાં એકંદરે વેપાર સારો રહ્યો. ફાફડાના ભાવ રૂ. 600 પ્રતિ કિલો, શુદ્ધ દેશી ઘીની જલેબીના રૂ. 600થી 700 અને સામાન્ય તેલની જલેબીના રૂ. 500 પ્રતિ કિલો સુધી પહોંચ્યા હતા.તેમ છતાં ગ્રાહકોના ઉત્સાહમાં ઘટાડો જોવા મળ્યો ન હતો. દશેરાએ અંદાજે 80થી 100 ટન ફાફડા-જલેબીના વેચાણનો અંદાજ છે.રાતથી જ ફરસાણની દુકાનોમાં ઉત્પાદન અને પેકિંગની કામગીરી શરૂ થઈ હતી. પરોઢથી ઓર્ડર લેવા લાંબી

...અનુસંધાન પાના 11 પર

આખી રાત માસૂમ બાળકીનું માથું હાંડીમાં ફસાયેલું રહ્યું, ફાયરે 20 મિનિટમાં કાઢ્યું

ગોરાટ રોડ પર રહેતા પરિવારની અઢી વર્ષની બાળકીએ અચાનક સ્ટીલની હાંડી માથા પર મૂકી અને માથું ફસાઈ ગયું

પરિવારે જાતે કાઢવાનો પ્રયાસ કર્યો, હોસ્પિટલ પણ લઈ ગયા પરંતુ કલાકો સુધી સફળતા મળી નહીં, આખરે ફાયરને જાણ કરી

સુરત: દરેક માતા-પિતા માટે લાલ બત્તી સમાન અને આંખ ઉઘાડનારો કિસ્સો સામે આવ્યો હતો. કોઝવે રોડ રહેતા બિઝનેસમેન પરિવારની અઢી વર્ષની બાળકીના માથામાં રમતા રમતા તપેલું ફસાઈ જતા ફાયરની ટીમે મોટા કટરથી કાપી તપેલું કાઢ્યું હતું.

ફાયર વિભાગના અધિકારી સંપત

સુથારના જણાવ્યા અનુસાર, રાંદેર, ગોરાટ રોડ પર આવેલા રબ્બાની કોમ્પ્લેક્સમાં ઝકી રિઝવાન પોતાના પરિવાર સાથે રહે છે. તેમની અઢી વર્ષીય બાળકી ગઈકાલે રાત્રે ઘરમાં રમી રહી હતી. રમતાં રમતાં તેણે અચાનક સ્ટીલનું તપેલું પોતાના માથામાં પહેરી લીધું હતું અને તેમાં માથું ફસાઈ ગયું હતું. પરિવારે સૌપ્રથમ જાતે જ તપેલું બહાર કાઢવાના પ્રયાસો કર્યા, પરંતુ તેઓ નિષ્ફળ રહ્યા હતા. જેથી બાળકીને તુરંત નજીકની હોસ્પિટલ લઈ જવામાં આવી હતી. હોસ્પિટલના સ્ટાફે

...અનુસંધાન પાના 11 પર

હોસ્પિટલમાં ત્રણ કલાક સુધી તપેલામાંથી માથું નહીં નીકળતા આખરે વહેલી સવારે ફાયરને જાણ કરાઈ

રાત્રે દોઢથી બે વાગ્યા વચ્ચે બનેલી આ ઘટનામાં પરિવારે અને ત્યારબાદ હોસ્પિટલે પ્રયાસો કર્યા, હોસ્પિટલમાં 3 કલાક નીકળ્યા હતા. પરંતુ પરિણામ ન મળ્યું. આખરે વહેલી સવારે ફાયર વિભાગને કોલ કરાતાં, 5:10 વાગ્યે ટીમ પહોંચી હતી. ફાયર ટીમે બોલ કટર અને કોમ્બી ટૂલ જેવા સાધનોથી સાવચેતીપૂર્વક તપેલું કાપી 15-20 મિનિટમાં બાળકીને સહી-સલામત બહાર કાઢી હતી. ચાર કલાક ચાલેલી આ કસોટીમાંથી બાળકી ઉગરી જતાં પરિવારે રાહત અનુભવી. માતા-પિતા માટે આ કિસ્સો લાલ બત્તી સમાન છે.

ઝૂંપડામાં આગ લાગી અને શ્રમજીવીઓના રોકડા 1.45 લાખ બળી ગયા

ડિંડોલી રેલવે લાઇન પાસે ઝૂંપડામાં ચૂલાના કારણે આગ ભભૂકી

એક ઝૂંપડામાં લાગેલી આગે છ ઝૂંપડાંને ચપેટમાં લીધાં, ઘરવખરી અને કપડાં પણ ખાખ

સુરત: શહેરના ડિંડોલી ખાતે આવેલી રેલવે લાઈન પાસે આવેલા શ્રમજીવીઓનાં ઝૂંપડાંમાં આજે સવારે ચૂલાના કારણે આગ ભભૂકી ઊઠી હતી. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં એક પછી એક છ ઝૂંપડાંને લપેટમાં લઈ લીધાં હતાં. ઘટનાને પગલે શ્રમજીવો સહિત સ્થળ પર હાજર લોકોમાં નાસભાગ મચી ગઈ હતી.

ફાયર વિભાગના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ડિંડોલીના શિવાજીનગર વિસ્તારમાં સુવેઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ પાછળ રેલવે લાઈન પાસે આશરે 12 જેટલાં ઝૂંપડાં આવેલાં છે. આજે સવારે એક ઝૂંપડામાં ચૂલાના કારણે આગ લાગી હતી. આગે જોતજોતામાં આસપાસનાં ઝૂંપડાંને પણ પોતાની ઝપેટમાં લઈ લેતાં અફરાતફરી મચી ગઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની ટીમ સ્થળ પર પહોંચી હતી અને આગને કાબુમાં લેવાની કામગીરી શરૂ કરી હતી. આશરે એકથી દોઢ કલાકની જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આગમાં શ્રમજીવી રાહુલભાઈ ડામોરના રૂ.80 હજાર, ગંગુરભાઈ ડામોરના રૂ.50 હજાર અને નાનજીભાઈ સિંગાડના રૂ.15 હજાર રોકડા બળી ગયા હતા. આ ઉપરાંત ઝૂંપડામાં રાખેલો ઘરવખરીનો સામાન અને કપડાં પણ નાશ પામ્યાં હતાં. જોકે, ફાયર બ્રિગેડના જવાનોએ સમયસર કામગીરી હાથ ધરીને આગને વધુ ફેલાતી અટકાવી હતી અને અન્ય છ ઝૂંપડાંને આગની લપેટમાં આવતાં બચાવી લીધાં હતાં.

નવરાત્રિથી દશેરાના 10 દિવસમાં સુરતમાં 710 કરોડનાં 22,116 વાહનનું વેચાણ

શ્રાદ્ધ પક્ષમાં બુકિંગ અને પ્રથમ નોરતેથી દશેરા સુધી ડિલિવરીનો નવો ટ્રેન્ડ,પેટ્રોલ-ડીઝલ વાહનોની સાથે ઇલેક્ટ્રિક વાહનોની પણ માંગ

સુરત : સુરતમાં નવરાત્રિના પ્રથમ નોરતેથી વિજ્યાદશમી એટલે કે દશેરા સુધીના 10 દિવસમાં વાહન બજારમાં જોરદાર ખરીદી જોવા મળી હતી. આ સમયગાળા દરમિયાન ટુ-વ્હીલર, કાર અને અન્ય વાહનો સહિત કુલ 22,116થી વધુ વાહનોનું વેચાણ થયું હતું. અંદાજે ₹.710 કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. તહેવારોમાં નવા વાહનની ખરીદી

...અનુસંધાન પાના 11 પર

પ્રથમ નોરતાથી દશેરા સુધી વેચાયેલાં વાહનોની વિગત

- **કુલ વેચાણ:** 22,116થી વધુ વાહનો
- **કુલ ટર્નઓવર:** ₹.710 કરોડ
- **ટુ-વ્હીલર:** 15,858 (₹.165 કરોડ)
- **કાર:** 3,521 (₹.425 કરોડ)
- **અન્ય પરંપરાગત વાહનો:** 1,732 (₹.60 કરોડ)
- **ઇલેક્ટ્રિક વાહનો:** 1,005થી વધુ (₹.60 કરોડ)
- **ઇ-ટુ-વ્હીલર:** 550
- **ઇલેક્ટ્રિક કાર:** 255

જ્વેલરી બજારમાં ₹.100થી 120 કરોડના વેપારનો અંદાજ

સુરત: વિજ્યાદશમીના પર્વે સુરત સહિત દક્ષિણ ગુજરાતના જ્વેલરી બજારમાં સોના-ચાંદી અને તેનાં ઘરેણાંની ખરીદીમાં પ્રમાણમાં સારો માહોલ જોવા મળ્યો હતો. અગાઉની ઊંચી સપાટીની સરખામણીમાં સોના-ચાંદીના ભાવમાં ઘટાડો અને તાજેતરની સ્થિરતાને કારણે ગ્રાહકોમાં ખરીદીનો ઉત્સાહ જોવા મળ્યો હતો. જોકે, કિંમતી ધાતુઓના ભાવ હજુ પણ મધ્યમ વર્ગના પરિવારોને ઊંચા જણાતા હોવાથી ખરીદીના વોલ્યુમમાં અપેક્ષા મુજબ વધારો થયો નહોતો. જ્વેલરી ઉદ્યોગના અંદાજ મુજબ, દશેરાના શુભ પર્વે સુરત શહેરમાં સોના-ચાંદીના દાગીના અને અન્ય કિંમતી ધાતુઓનો કુલ વેપાર રૂ. 100થી 120

...અનુસંધાન પાના 11 પર

આવતા રવિવારે ચંદી પડવો: વિશ્વભરમાં જે ક્યાંય થતું નથી તે સુરતમાં થાય છે, આખું સુરત ઘારી ખાય છે

વિશ્વમાં એક જ દિ'માં હજારો કિલો ખવાતી મીઠાઈ ઘારી

એક સમયે મિઠાઈવાળા પૂરતી મર્યાદિત ઘારી આજે સુરતમાં ઘરગથ્થું અને ગ્રુપમાં મોટાપાયે બને છે

સુરતી કલ્ચર સાથે વણાયેલી વિવિધ પ્રકારની એક લાખ કિલો ઘારી ચંદી પડવાના દિવસ માટે બને છે

સુરત: દુનિયામાં ઘણી મીઠાઈઓ પ્રખ્યાત છે, પરંતુ સુરતની 'ઘારી'ની વાત જ કંઈક અલગ છે. સામાન્ય રીતે મીઠાઈઓ દુકાનોમાં કે ઘરોમાં નાના પાયે બનતી હોય છે, પરંતુ ઘારી એ વિશ્વની એકમાત્ર એવી મીઠાઈ છે જે માત્ર દુકાનોમાં જ નહીં, પરંતુ અલગ-અલગ સમાજ, જ્ઞાતિઓ,

...અનુસંધાન પાના 11 પર

ઘારીએ સામાજિક જાગૃતિનું પણ કામ કર્યું, અનેક સમાજ જથ્થાબંધ ઘારી બનાવે છે

ઘારીની આ પરંપરા પાછળનું સૌથી મોટું અને સુંદર પાસું છે–સામાજિક સહયોગ અને સામૂહિક ભાવના. સુરતમાં ચંદની પડવા નિમિત્તે શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી સ્વાશ્રય મહિલા પરિષદ, માળી સમાજ, વૈષ્ણવ સમાજ, મોઢ ઘાંચી સમાજ અને પટની ઘાંચી સમાજ જેવા વિવિધ જૂથો અને સામાજિક સંસ્થાઓ દ્વારા મોટાપાયે ઘારી તૈયાર કરવામાં આવે છે. આ સંસ્થાઓ વ્યવસાયિક હેતુસર નહીં, પરંતુ સેવાકીય પ્રવૃત્તિ અને સહકારી ધોરણે મર્યાદિત સમય માટે આયોજન કરે છે. સંસ્થાના કાર્યકરો પોતાની નજર સામે,

...અનુસંધાન પાના 11 પર

વ્યવસાયિક ધોરણે નહીં પરંતુ સેવાકીય પ્રવૃત્તિને ધ્યાને રખાય છે: વિરેશ મહેતા

અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી સમાજનાં આગેવાન વિરેશ મહેતાએ જણાવ્યું હતું કે સુરતમાં મોટાપાયે સામાજીક સંસ્થાના ગ્રૂપ દ્વારા ચંદની પડવા નિમિત્તે ઘારી બનાવતાં હોય જેને કારણે મોટા મિઠાઈ વિક્રેતાને આ સમય દરમિયાન ઘારીનાં ઉપાડ પર ખાસી અસર થાય છે. જેમાં કારણ એ છે કે સંસ્થાના કાર્યકરો માથે ઉભા રહીને પોતાની નજર સામે ઘારી બનાવે છે અને કોઈ મિલાવટ થવા દેતાં નથી. સંસ્થાઓ વ્યવસાયિક ધોરણે નહીં પરંતુ મોટે ભાગે તહેવાર કે સહકારી ધોરણે સેવાકીય પ્રવૃત્તિ રૂપે મર્યાદિત સમય માટે આયોજન કરતી હોય છે. સામાન્ય રીતે સમાજના સભ્યો અને મિત્ર વર્તુળ માટે નોન-પ્રોફિટ કે રાહત

...અનુસંધાન પાના 11 પર

ઘારી બનાવવી એ એક સ્કીલ છે, જેના કારીગરો અલગ જ હોય છે: રાકેશ મેવાવાળા

ચાંપાનેરી મોઢ ઘાંચી સમાજ યુવા મંડળ અડાજણનાં રાકેશ મેવાવાળાનાં જણાવ્યાં મુજબ ચંદની પડવા નજીક આવતાં સુરતમાં ઘારીની ડિમાન્ડ વધે છે. તેમજ સામાજીક ધાર્મિક સંસ્થા પણ

...અનુસંધાન પાના 11 પર

કોટ વિસ્તારમાં ઘણી શેરીમાં લોકો મળીને ઘારી બનાવે છે: હેરિશ પટેલ

સુરતમાં હવે ઘરગથ્થું રીતે ગ્રૂપ બનાવીને મહિલા મંડળો-યુવક મંડળો સગા સંબંધીનાં ઓર્ડર મેળવી ઘારી બનાવે છે. કોટ

...અનુસંધાન પાના 11 પર

કાળાચુડા કડવા પાટીદાર અવસાન

સ્વ. દિલીપભાઈ જગજીવનભાઈ પટેલ (સ્વ. તા. ૧૮/૧૦/૨૦૨૬)

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈ/પિતા/કાકા શ્રી દિલીપભાઈ જગજીવનભાઈ પટેલ તા. ૧૮/૧૦/૨૦૨૬ રવિવારના રોજ દેવલોક પામ્યા છે.

સદ્‌ગતની અંતિમયાત્રા અને પ્રથિના સભા તા. ૨૦/૧૦/૨૦૨૬ મંગળવારે, સવારે ૮.૦૦ કલાકે સંપન્ન થયેલ છે. તમામ લૌકિક રિવાજ બંધ રાખેલ છે. સ્વજનોને મળવાનો સમય નિવાસ સ્થાને સાંજે ૩.૦૦ થી ૬.૦૦ સુધી.

:: શોકાતુર ::

જશવંતભાઈ જગજીવનભાઈ પટેલ (ભાઈ)
વિજયભાઈ જગજીવનભાઈ પટેલ (ભાઈ)
સુનિલભાઈ ઈશ્વરભાઈ પટેલ (ભત્રીજા)
જીગરભાઈ દિલીપભાઈ પટેલ (પુત્ર)
પ્રથમ જીગર પટેલ (પૌત્ર)
તથા સમસ્ત (ડીલાવાલા) વિજયડેરી પરિવાર

નિવાસસ્થાન: ૨૦,૨૧, વેસ્ટર્નપાર્ક સોસાયટી, ઘંટાવાલા પાનની બાજુમાં, ગંગેશ્વર મહાદેવ મંદિર નજીક, અડાજણ, સુરત.

શ્રદ્ધાંજલિ

રાજેશભાઈ જયંતિભાઈ પટેલ
સ્વ.તા.૧૮/૧૦/૨૦૨૬

સમય જિંદગીનો ઓછો હશે ક્યા ખબર હતી, વિદય તારી અણધારી હશે ક્યા ખબર હતી. હર પ્રસંગે તારી ખોટ અનુભવાશે. સુનુ થઇ ગયુ ઘર સુના થઇ ગયા ઘરના આંગણિયા. પ્રભુ તારા દિવ્ય આત્માને પરમ શાંતિ આપે એવી પ્રાર્થના.

લિ.
જયંતિભાઇ (મંગુભાઇ) ભાણાભાઇ પટેલ
સંગીતાબેન જયંતિભાઇ પટેલ
તેજસ જયંતિભાઇ પટેલ
કેલી તેજસ પટેલ
કૃણાલ કિશોરભાઇ પટેલ
મિતાલી કૃણાલભાઇ પટેલ
ભરથાણા (વેસુ)

ભાવભીની શ્રદ્ધાંજલિ

સ્વ. રાજુભાઈ જયંતિભાઈ પટેલ
સ્વ. તા. ૧૮/૧૦/૨૦૨૬

લાગે છે એવું કે હજી તું સાથે જ છો...

હે પ્રિય મિત્ર, તારી અકાળે વિદાયથી અમારા સૌના હૃદયમાં શૂન્યવકાશ સર્જાય ગયો, તારો સદાય હસતો ચહેરો અને હસમુખો સ્વભાવ ખુબ જ યાદ આવે છે.
દિલ માનતુ નથી કે તું અમારી વચ્ચે નથી.
આવા દરિયા દિલ દોસ્તની વિદાયની ખોટ કાયમ વર્તાશે.
પ્રભુ તારા દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
ૐ શાંતિ... શાંતિ... શાંતિ...

લિ.
બળવંતભાઈ ભાણાભાઈ પટેલ – પુષ્પાબેન બળવંતભાઈ પટેલ
જોનીલ બળવંતભાઈ પટેલ – ફેનલ જોનીલભાઈ પટેલ
મોનિક બળવંતભાઈ પટેલ – ધ્વીજ જોનીલભાઈ પટેલ

સ્થળ : પ્રભાત ફળિયું, ગવિયર ગામ, ડુમસ રોડ, સુરત.

સત્ કેવલ સાહેબ

૧૨ મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. નાનુભાઈ જીવાભાઈ ઉમરીગર
સ્વ. તા. ૨૧-૧૦-૨૦૧૪

ભક્તિ તમે કરી પુણ્ય અમ સૌને મળ્યા, સંઘર્ષ તમે કર્યો સુખ સૌને આપ્યું
કર્મ તમે કર્યા ફળ સૌને આપ્યા, આપવું એજ આપનો જીવનમંત્ર હતો.
લઈ શું ગયા તમે ? આપી ગયા ઘણું સૌને, આપના આશીર્વાદથી અમો સમૃધ્ધ થયા.
મન હજુ માનતુ નથી કે તમે હયાત તથી, હરપથી લાગણી કરે છે તમો અમારી આસપાસ છો.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સહદયથી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. હસુમતીબેન મહેન્દ્રભાઈ ઉમરીગર

હરીશભાઈ નાનુભાઈ ઉમરીગર	જ્યોતિબેન હરીશભાઈ ઉમરીગર
શૈલેષભાઈ નાનુભાઈ ઉમરીગર	નયનાબેન શૈલેષભાઈ ઉમરીગર
મનહરભાઈ લાલુભાઈ ઉમરીગર	હર્ષનાબેન મનહરભાઈ ઉમરીગર
સિદ્ધાર્થ યોગેશભાઈ ઉમરીગર	કેનીબેન સિદ્ધાર્થભાઈ ઉમરીગર
કિશન યોગેશભાઈ ઉમરીગર	ટર્વીકલ કિશનભાઈ ઉમરીગર
ભૂમિબેન ગીરલકુમાર કાપડીયા	ગં.સ્વ. વૈશાલીબેન યોગેશભાઈ ઉમરીગર
ઈશાબેન મિહિરભાઈ ઉમરીગર	નેહા અંકિતભાઈ ઉમરીગર
અક્ષય હરીશભાઈ ઉમરીગર	ખુશી અક્ષય ઉમરીગર
	જય શૈલેષભાઈ ઉમરીગર

તથા સમસ્ત જીવાભાઈ પરિવાર (જીવાભાઈ એસ્ટેટ-ઉમરા)

નવમી પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

સ્વ. જયંતિલાલ બ્રીજરામ ડાકોરીઆ



જન્મ તા. ૨૬-૦૪-૧૯૩૫
સ્વ. તા. ૨૧-૧૦-૨૦૧૭

તમારો લાગણીભીનો સ્વભાવ અને અમારા સૌ સાથેનો આત્મિય લગાવ સતત યાદ આવે છે. તમારુ પ્રેમાળ અને જીવંત વ્યક્તિત્વ અમારા સૌના હૃદયમાં જ છે. તમારો સ્નેહભીનો સ્વભાવ આજે પણ અમારી આંખો ભીજવી જાય છે. પ્રભુ તમારા આત્માને અપાર શાંતિ આપો તેવી પ્રાર્થના.

લિ.
ગં.સ્વ.ચંદનબેન જયંતિલાલ ડાકોરીઆ

દીપક જયંતિલાલ ડાકોરીઆ (પુત્ર)	જયશ્રી દીપકકુમાર ડાકોરીઆ (પુત્રવધુ)
કિરીટ જયંતિલાલ ડાકોરીઆ (પુત્ર)	લીના કિરીટ ડાકોરીઆ (પુત્રવધુ)
વત્સલ દીપકકુમાર ડાકોરીઆ (પૌત્ર)	કૃપાલી વત્સલ ડાકોરીઆ (પૌત્રવધુ)

સમસ્ત ડાકોરીઆ પરિવાર